## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




તમારા કલાકાર મંડળની માંગણી સરકારે ગ્રાહ્ય રાખી છે... તમારી ધાર્મિક આસ્થાને લઈને તમે લોકો જંગલમાં જઈને ગાઈ - વગાડી - નાચી શકો છો...

# સેકટર-૨૨ ખાતે ઘરફોડ ચોરી કરનારા ત્રણ ઝડપાયા

**ચોરી કરેલી ચીજવસ્તુનો ભાગ પાડવા માટે નદીની કોતરમાં એકઠા થયા હતા અને એલસીબીએ દબોચી લીધા, ૩,૯૨,૭૮૬ના સોના-ચાંદીના દાગીના અને ૧.૭૦ રોકડા રૂપીયા, ચોરીમાં ઉપયોગમાં લીધેલ બોલ્ટ કટર, પલ્સર બાઈક અને મોબાઈલ ફોન કબ્જે કર્યા, આરોપીઓ પૈકી એક હોમગાર્ડ જવાન, ફુટ કે ફિંગર પ્રિન્ટ ન મળે તે માટે ફિનાઈલથી પોતુ કર્યું**

ગાંધીનગર,તા.૧૩

ગાંધીનગર શહેરના સેકટર-૨૨ ટ્રાફિક પોલીસ સ્ટેશન નજીક ૧૦ દિવસ અગાઉ ઘરફોડ ચોરી થઈ હતી. આ ઘરફોડ ચોરીને અંજામ આપનારા ગામના જ ત્રણ ઈસમો છે. જયારે એક આરોપી હોમગાર્ડ તરીકે ફરજ બજાવે છે. લેકાવાડાના સરપંચ આર્થિક રીતે સધ્ધર છે, અને ઘરમાં રોકડ અને સોના ચાંદીના દાગીના સારા પ્રમાણમાં મળશે તેમ માનીને આરોપીઓએ ચોરી કરી હતી. ત્રણેય ઈસમો ચોરીના સામાનનો ભાગ પાડવા માટે સેકટર-૩૦ નદીના કોતરોમાં એકઠા થયા હતા. તે સમયે એલસીબી પોલીસે દબોચી લીધા હતા. પોલીસે આરોપીઓ પાસેથી રૂ. ૩,૯૨,૭૮૬ ના સોના-ચાંદીના દાગીના, રોકડા રૂ.૧.૭૦ લાખ, તેમજ ચોરી કરવા માટે ઉપયોગમાં લીધેલુ બોલ્ટ કટર, પલ્સર બાઈક અને મોબાઈલ ફોન સહિતનો સામાન કબ્જે કરી સેકટર-૨૧ પોલીસનો ઘરફોડ ચોરીનો ભેદ એલસીબી-૧ ઉકેલી દીધો છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી પીઆઈ જે.જી.વાઘેલના માર્ગદર્શન હેઠળ સભ્યો પેટ્રોલીંગમા હતા. તે સમયે પીએસઆઈ વી.કે.રાઠોડની ટીમના હેડ કોન્સ્ટેબલ રણજીતસિંહ અને કોન્સ્ટેબલ જીગ્નેશકુમારને આરોપીઓ અંગે ખાનગી રાહે બાતમી મળી હતી. જેને પગલે તેઓએ સેકટર-૩૦ સર્કલ થી સાબરમતિ નદીના પુલ તરફ જતા નદીની કોતરોમાં બેઠેલા ત્રણ શખ્સોને પોલીસે પકડી પાડ્યા હતા. પોલીસે પુછતાછ કરતા તેઓ લેકાવાડા ગામના મેલાજી ઉર્ફે મુન્નો રેવાજી સોલંકી (ઉં.૩૨, રતનટેકરી વાસ), નટવરસિંહ ઉર્ફે ભુદર જગતસિંહ વાઘેલા (ઉં.૩૮ બ્રહ્મ પોળવાસ) તેમજ રાહુલ ઉર્ફે અજય રણજીતજી ઠાકોર (ઠાકોરવાસ) હોવાનું સામે આવ્યું હતું. તેમની પાસેથી એક સ્કુલ બેગ તથા જુદા જુદા જવેલર્સના નામ લખેલા પર્સમાંથી સોના ચાંદીના દાગીના, મોબાઈલ ફોન અને રોકડ રકમ મળી આવી હતી.



પોલીસે ચીજવસ્તુના આધારપુરાવા માંગતા તેઓ સંતોષકારક જવાબ આપી શકયા ન હતા. જેથી પોલીસે ઉંડાણપૂર્વક પુછતાછ કરતા ત્રણેય એકઠા થઈને લેકાવાડા ગામના સરપંચ અમરસિંહ જુજારસિંહ વાઘેલાના સેકટર-૨૨ ખાતે ટ્રાફિક પોલીસ સ્ટેશન નજીક આવેલા મકાનમાં ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. આ ચોરીનો સામાનનો ભાગ પાડવા માટે ત્રણેય ભેગા થયા હતા અને પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા.

ચોર ઈસમોએ સેકટર-૨૪ માંથી બોલ્ટ કટરની ખરીદી કરી હતી અને મકાનની રેકી કરી રાત્રીના સુમારે બાઈક પર આવીને તાળુ કટરથી કાપીને ચોરીને અંજામ આપ્યો હતો. પોલીસને આરોપીઓ પાસેથી મળી આવેલા રૂ.૩,૯૨,૭૮૬ ના સોના-ચાંદીના મુદામાલમાં સોનાના કડા, વીંટી, ડોકીયું, તેમજ ચાંદીની લકી, કડા, પાયલ સહિત રોકડ રકમ રૂ. ૧,૭૦ લાખ કબ્જે કરી છે. તે ઉપરાંત ગુનામાં ઉપયોગ કરેલ પલ્સર બાઈક કિં.૩૦ હજાર અને રૂ.૧૫,૫૦૦ ની કિંમતના ૪ મોબાઈલ સહિત બોલ્ટ કટરનો સમાવેશ થાય છે.પોલીસે ત્રણેય આરોપીઓ સામે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ધોળેશ્વર મહાદેવ મંદિર પરિસરના પાર્કિંગમાંથી રીક્ષાની ચોરી

ગાંધીનગર,તા.૧૩

ધોળેશ્વર મહાદેવ મંદિરના પરિસરમાંથી રવિવારના રોજ સવારના દશ વાગ્યાના અરસામાં રીક્ષાની ચોરી થઈ છે. રીક્ષાચાલક નદીમાં ફુલ પધરાઈને પરત આવ્યો તેટલા સમયમાં રીક્ષાની ચોરી થઈ છે. બનાવ અંગે રીક્ષા ચાલકે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ નરોડા એસટી વર્ક શોપ પાસે ગંગોત્રી સોસાયટી મકાન નં.૮૫ ખાતે રહેતા ભરતભાઈ મંગાભાઈ નૈયા છેલ્લા પંદર વર્ષથી રીક્ષા ચલાવી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત રવિવારના રોજ તેઓ રીક્ષા લઈને નરોડાથી ધોળેશ્વર મહાદેવ મંદિર ખાતે ફુલ પધરાવવા માટે દશ વાગ્યાના અરસામાં આવ્યા હતા. મંદિર પરિસરમાં લોક મારીને રીક્ષા મુકીને ફુલ પધરાવી ગણતરીની મિનીટોમાં તેઓ પરત ફર્યા હતા. પરંતુ તેટલા સમયમાં રીક્ષાનું લોક તોડી તેમની રીક્ષા કોઈ ઉઠાવી ગયું હતું. તેઓએ રીક્ષાને પગલે આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી હતી પરંતુ મળી આવી ન હતી. રીક્ષા માલિકે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે રૂ.૫૦ હજારની રીક્ષા અંગે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- રાજ્ય સરકારે કપાસની પણ ટેકાના ભાવે ખરીદી કરી ખેડૂતો તરફી નિર્ણય કરવો જોઈએ તેવી માંગ ખેડૂતોમાં તીવ્ર બની રહી છે.
- રાજયમાં વિધાનસભાની પેટા-ચૂંટણીને લઈ આજે આખો દિવસ ગાંધીનગરમાં બેઠકોનો ધમધમાટ જોવા મળ્યો હતો
- સ્વર્ણિમ સંકુલ-૧ પાસે ઉભી કરાયેલ સેનીટાઈઝેશનની ટનલ બંધ પડી હોવાથી તે કર્મચારીઓમાં પણ ચર્ચાનો મુદ્દો બની છે.
- ગાંધીનગર જિલ્લામાં ૧૮મી ઓક્ટો. સુધી ગરમીનો પ્રકોપ યથાવત રહેશે તેવી સંભાવનાઓ હવામાન પૂર્વાનુમાન વિભાગે તેના ખેડૂતોને અપાતા કૃષિ સલાહ બુલેટીનમાં કહી છે.
- આજે મનપાની સામાન્ય સભામાં સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા અળગા રહ્યા હતા તો કોંગીના કાઉન્સીલર ઊર્મિલાબેન વર્મા ફેસબુક લાઈવના માધ્યમથી જોડાયા હતા.
- મનપાની સામાન્ય સભામાં બધા સભ્યોને સોશિયલ ડિસ્ટન્સીંગને લઈ બે બે ની લાઈનમાં સ્થાન અપાયુ હતુ.
- વડનગરા નાગર મંડળના અગ્રણી દર્પણ બુચ કોરોનાથી સંક્રમિત

# મનપાની સામાન્ય સભાની વીણેલી વાતો

# ૨ કલાક ૨૮ મિનિટ સામાન્ય સભા ચાલી

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે મહિના પછી મળેલ સામાન્ય સભાની કામગીરી બે કલાક અને ૨૮ મિનિટ સુધી ચાલી હતી.

આ બેઠકમાં એક કલાક સુધી તો માત્ર ને માત્ર ભરતી-બઢતીના નિયમોના મુદ્દા પર જ ચાલી હતી. ભાજપમાં આ નિયમોને લઈ મતભેદ આજેય પ્રવર્તી રહ્યા છે તે વાત સિદ્ધ કરવામાં કોંગ્રેસ વ્યુહાત્મક રીતે સફળ થઈ હતી. ભાજપના છ સભ્યોએ આજે સભાત્યાગ કર્યો હતો.



ભાજપના આ છ સભ્યોએ સભાત્યાગ કર્યો અને મેયર તેમનુ ધાર્યુ કોંગ્રેસનો સાથ લઈ કરાવી રહ્યાની વાત પણ ખુલ્લી થઈ જવા પામી હતી. વારંવાર મતદાન કરાવવાની વાતો ઉચ્ચારી સભ્યોને ખુલ્લા પડવા માટે મજબુર કરાયા હોવાની વાતો રાજકીય વર્તુળોમાં શરૂ થઈ છે.

- **સભ્યોના પત્રોના જવાબ નથી મળતા**

ભાજપ-કોંગ્રેસના સભ્યોએ આજે એકી અવાજે તેમના પત્રોના જવાબો નહિ મળતા હોવાનો મુદ્દો સામાન્ય સભામાં ચગ્યો હતો.

ધીરૂભાઈ ડોડિયાએ કહ્યુ કે મારા ૮૯ પત્રોના જવાબ નથી અપાયા. વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ પણ તેમના પત્રોના જવાબ નથી મળતા તેવી ઉગ્ર રજુઆત કરી હતી. પરિસ્થિતિ ચર્ચામાં બગડે નહિ તેથી સમય સૂચકતા વાપરી મેયરે તંત્રને કડક તાકીદ કરી હતી કે બધાજ પત્રોના જવાબ આપવામાં આવે. હવે પછી જવાબ નહિ આપનાર અધિકારી સામે પગલાં લેવાનો ના છૂટકે નિર્ણય કરવો પડે તે યોગ્ય નથી.

- **ટેન્ડરીંગ જ નથી થયુ !**

આજે ભાજપના સિનીયર સભ્ય મનુભાઈ પટેલે ટેન્ડરીંગ સભ્યોની ગ્રાન્ટમાંથી આપવાની થતી વસ્તુઓની બાબતમાં થયુ નહિ હોવાનો ઘટસ્ફોટ કર્યો હતો. તેમણે કહ્યુ કે તંત્ર જેમ માંથી ખરીદવાને બ્હાને આ વાતો ટાળી રહેલ છે પરંતુ જેમ માંથી જે વસ્તુઓ ખરીદાય છે તેની ગુણવત્તા જ હોતી નથી.

નાયબ મ્યુનિ. કમિશનરે આ બાબતે સ્પષ્ટતા કરી હતી કે આ વસ્તુઓમાં એક વર્ષની ગેરંટી હોય તે ખરીદવામાં આવી છે અને તુટેલી અથવા ક્ષતિવાળી વસ્તુઓ પરત પણ આવી છે.

- **સામાન્ય સભામાં પહેલીવાર ગત બેઠકનું પ્રોસીડીંગ વંચાવ્યુ**

ગત સામાન્ય સભાની કાર્યવાહી નોંધ એજન્ડામાં પ્રથમ મુદ્દો હોય છે. આજે ગત સામાન્ય સભામાં થયેલ કાર્યવાહીની નોંધ વંચાવી જોઈએ તેવો આગ્રહ સભ્યોએ કરતાં તે નોંધ મેયરે વાંચી સંભળાવી હતી. આ વંચાણ દરમ્યાન જ ટેન્ડરીંગ નહિ થતુ હોવાનું, સભ્યોના પત્રના જવાબ નહિ મળતા હોવાના મુદ્દા ઉછળ્યા હતા.

- **તમે મને કોઈ જ રજુઆત કરી જ નથી : રીટાબેન પટેલ**

એક તબક્કે સભ્યોની ગ્રાન્ટના કામો નહિ થતા હોવાની વાતને લઈ મેયરે સભ્યોને રોકડુ પરખાવ્યુ હતુ કે તમે કોઈએ ક્યાં મને રજુઆત લેખિતમાં કરી છે. મનુભાઈ, શૈલેન્દ્રસિંહ બિહોલાએ ઉભા થઈને જણાવ્યુ હતુ કે અમને મળેલા અધિકારની રૂએ ગ્રાન્ટ મળે અને તેના માટે અમારે તમને મળવાનું આ કયો ન્યાય. મેયરે કહ્યુ માગ્યા વિના મા પણ ના પીરસે. આ પછી આ મુદ્દે શૈલેન્દ્રસિંહ બિહોલા અને કોંગ્રેસના સભ્યોએ આક્રમકતા ધારણ કરી હતી આ ઉપરાંત પૂર્વ ચેરમેન મનુભાઈ તો ઉગ્ર હતા જ.

સભ્યોએ કહ્યુ કે તમે તંત્ર પર પક્કડ ધરાવતા જ નથી. તંત્રનું લશ્કર ક્યાં લડે છે તે તમને ખબર જ નથી જેવા શબ્દ પ્રયોગો આ બેઠકમાં થયા હતા. સમયસુકતા વાપરી મેયરે તંત્રને પણ આડે હાથ લેતા કહી દીધુ કે કામોને લઈ સભ્યોની રજુઆત આવી હોય તેનો એક માસમાં નિકાલ થાય તે જોવામાં આવે. તંત્ર આમાં ચૂક કરશે તે સ્હેજ પણ સાંખી લેવાશે નહિ.

## જુ.સિ.કા. દ્વારા ઓનલાઈન સામાન્ય સભા

જુનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા ઝુમ એપ્લીકેશનના માધ્યમથી તા. ૧૦ ઓક્ટોબરના રોજ ઓનલાઈન સામાન્ય સભા યોજાઈ હતી. જેમાં આશરે ૫૦ જેટલા સભ્યોએ ભાગ લીધો હતો. આ સભામાં ગયા વર્ષ દરમ્યાન સંસ્થા દ્વારા કરવામાં આવેલ કાર્યોનુ વિશ્લેષણ સંસ્થાના મંત્રી દ્વારા કરવામાં આવ્યુ હતુ. તથા આવનાર વર્ષમાં કરવામાં આવનાર કાર્યોનું આયોજન કરવામાં આવ્યું.

## ગુજરાતી સુગમ સંગીતના શિરમૌર મૂર્ધન્ય ગાયિકા કૌમૂદીબહેન મૂન્શીને મુખ્યમંત્રીની શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા. ૧૩

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતી સુગમ સંગીતના સુપ્રસિદ્ધ મૂર્ધન્ય ગાયિકા કૌમૂદીબહેન મૂન્શીના અવસાન અંગે દુ:ખ વ્યકત કરી શોકની લાગણી વ્યકત કરી છે. સ્વ. કૌમૂદીબહેનને શ્રદ્ધાંજલિ પાઠવતા મુખ્યમંત્રીએ જણાવ્યું છે કે ગુજરાતી સુગમ સંગીતના શિરમૌર ગાયિકા કૌમૂદીબહેને પોતાના મધૂર સ્વરથી ગુજરાતી રચનાઓને ઘેર-ઘેર ગૂંજતી કરી હતી. તેમનું આ યોગદાન ગુજરાતી સુગમ સંગીતમાં દીર્ઘકાલિન બની રહેશે એમ પણ મુખ્યમંત્રીએ ઉમેર્યુ છે. મુખ્યમંત્રીએ સ્વ. કૌમૂદીબહેનના આત્માની પરમ શાંતિની પ્રાર્થના સાથે સદગતના પરિવારજનોને આ દુ:ખ સહન કરવા ઈશ્વર શકિત આપે તેવી પ્રાર્થના પણ કરી છે.


## ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લીમીટેડ

ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૧, પ્રથમ માળ, સેક્ટર-૧૦એ, ગાંધીનગર-૩૮૨૦૧૦
મો. નં. ૯૯૭૮૪૪૧૧૪૭-૪૮, ફેક્સ : ૦૭૯-૨૩૨૨૨૩૯૬
Email : gwilcompany1@gmail.com

**જાહેર નિવિદા નં : ૨૪ / ૨૦૨૦**

**International Competitive Bidding (ICB)**

અમદાવાદ ઔદ્યોગિક વિસ્તારના વિવિધ ઉદ્યોગોના શુદ્ધિકરણ કરાયેલ એફલ્યુઅન્ટને પર્યાવરણીય રીતે સલામત સ્થળ ઉંડા દરીયામાં નિકાલ કરવા માટેના ઓનશોર તથા ઓફશોર પાઈપલાઈન પ્રોજેક્ટ માટે ટુ બીડ પદ્ધતિથી ઓનલાઈન ભાવો મંગાવવામાં આવે છે.

| ક્રમ | ટેન્ડર આઈડી નં. | વિગતો | ટેન્ડર ફી રૂ. | ઈ.એમ.ડી. |
|---|---|---|---|---|
| ૧ | ૪૩૦૫૬૭ | Survey, Investigation, Design, Engineering, Procurement of Land, ROU, Obtaining all Clearances including CRZ and Environmental Clearance, Construction including 10 years Operating and Maintanance of Pipeline for Disposal of Industrial Eggluent into Deep Sea from Industrial Areas of Ahmedabad | ૫૦,૦૦૦/- | ૧૭,૦૦,૦૦,૦૦૦/- |

**મહત્વપૂર્ણ તારીખો :**

- ટેન્ડર ડાઉનલોડીંગ શરૂ કરવાની તારીખ : ૧૩/૧૦/૨૦૨૦
- સાઈટ વીઝીટ તારીખ : ૨૧/૧૦૨૦૨૦, ૦૮:૦૦ કલાક
- પ્રીબીડ મીટીંગ તારીખ : ૩/૧૧/૨૦૨૦, ૧૨:૦૦ કલાક
- ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ : ૧૨/૧/૨૦૨૧, ૧૮:૦૦ કલાક
- ડોક્યુમેન્ટ ફીજીકલ સબમીશનની છેલ્લી તારીખ : ઓનલાઈન સબમીશન પૂર્ણ થયા પછીના બીજા ચાલુ દિવસે ૧૭:૦૦ કલાક સુધી એટલે કે ૧૩/૧/૨૦૧, ૧૭-૦૦ કલાક
- ટેન્ડર ઓપનીંગ : ૧૫/૧/૨૦૨૧, ૧૧:૦૦ કલાક
- રસ ધરાવતા ઠેકેદારોએ વધુ વિગત માટે http://gwil/nprocure.com વેબસાઈટ વિઝીટ કરવી. આ કામોની વિગતો જેવી કે કામોની ટેન્ડર નોટીસ અને ટેન્ડર ડોક્યુમેન્ટ કે કોઈપણ ફેરફાર ફક્ત વેબસાઈટ પર જ મુકવામાં આવશે.

માહિતી/૧૦૭૬/૨૦-૨૧



ગુજરાત સરકાર

**નર્મદા, જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

સચિવાલય, ગાંધીનગર

**જાહેરનામું**

**જમીન સંપાદન પુન:સ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર અધિનિયમ ૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)**

જિલ્લો : મહેસાણા

ક્રમાંક : જસં/૨૦૨૦/મહેસાણા/૧૧૫/૬૮/મ તા. ૨૯/૯/૨૦૨૦

આ સાથેની અનુસુચિમાં દર્શાવવામાં આવેલ જમીનોની જાહેર હેતુ માટે એટલે કે, નર્મદા યોજનાની અગોલ-૧ બ્રાન્ચ માઈનોર નહેરના બાંધકામ માટે જરૂર પડવાનો સંભવ છે એવું ગુજરાત સરકારને જણાય છે.

૧. તેથી જમીન સંપાદન પુન:સ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર અધિનિયમ ૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો) (જેનો આમાં હવે પછી 'સદરહુ અધિનિયમ' તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે) તેની કલમ-૨(૧) અન્વયે ગુજરાત સરકાર આથી ઉક્ત જમીનો ઉપરોક્ત આંતરમાળખાકીય પ્રોજેક્ટ નર્મદા યોજનાની આમોલ-૧ બ્રાન્ચ માઈનોર નહેરના હેતુ માટે કાયદાનુસાર સંપાદન કરવાનો ઈરાદો જાહેર કરે છે.

૨. હવે જ્યારે ઉક્ત અનુસુચિત જમીનમાં સુચિત પ્રોજેક્ટ નર્મદા યોજનાની અગોલ-૧ બ્રાન્ચ માઈનોર નહેરના બાંધકામ માટે જમીન સંપાદન માટેની દરખાસ્ત રજૂ થયેલ છે, ત્યારે આ પ્રોજેક્ટ માટે સંપાદન કરવાની થતી ઉપરોક્ત ઓછામાં ઓછી જમીનનો અનુસૂચિ મુજબનો કુલ વિસ્તાર હે. ૦૦-૦૧-૮૫ ચો.મી. છે અને તે મહેસાણા જિલ્લાની કડી તાલુકાના અગોલની હદમાં આવેલ છે.

૩. હવે જ્યારે, ઉપરોક્ત આંતરમાળખાકીય પ્રોજેક્ટ માટે સદરહુ સંપાદન કરવાની થતી ક્ષેત્રફળ હે. ૦૦-૦૧-૮૫ ચો.મી. જમીનને 'સદરહુ અધિનિયમ'ના પ્રકરણ-૨ અને ૩ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપવાનું રાજ્ય સરકારને જાહેર હીતમાં આવશ્યક જણાય છે.

૪. તેથી 'સદરહુ અધિનિયમ'ની કલમ-૧૦(એ) (જમીન સંપાદન પુન:સ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર અધિનિયમ ૨૦૧૩) (ગુજરાત સુધાર અધિનિયમ-૨૦૧૬) (૨૦૧૬નો ગુજરાત અધિનિયમ-૧૨ની કલમ-૩થી દાખલ કરેલ)થી મળેલ અધિકારો અન્વયે રાજ્ય સરકાર આથી જાહેર હિતમાં નર્મદા યોજનાની અગોલ-૧ બ્રાન્ચ માઈનોર નહેરના બાંધકામ માટે તથા નહેરના આંતર માળખાકીય પ્રોજેક્ટ માટે સંપાદન કરવાની થતી નીચે જણાવેલ અનુસૂચિમાં સમાવિષ્ટ થયેલ ક્ષેત્રફળ વિસ્તાર હે. ૦૦-૦૧-૦૮૫ ચો.મી. જમીનને 'સદરહુ અધિનિયમ'ના પ્રકરણ-૨ અને ૩ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપે છે.

**અનુસુચિ**

**કેસ નં. ૧૨/૨૦૧૯** **તારીખ : ૨૯/૯/૨૦૨૦**

**જિલ્લો : મહેસાણા** **તાલુકો : કડી** **ગામ : અગોલ**

| સર્વે નંબર | જરૂરી જમીનોનું ક્ષેત્રફળ હે.આર.ચો.મી. | જે માટે જમીનો જરૂરી હોય તે સાર્વજનિક હેતુ |
|---|---|---|
| ૬૭ | ૦.૦૧.૮૫ | સરદાર સરોવર નર્મદા નિગમ લિ. હસ્તકની નર્મદા યોજનાની યોજનાની અગોલ-૧ બ્રાન્ચ માઈનોર નહેરના બાંધકામ માટે |
| કુલ-૧ | ૦.૦૧.૮૫ | |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

**સહી/- અવાચ્ય**
**ઉપસચિવ (જ.સં.)**
**નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગર**

ક્રમાંક/નામાનિ/મહે/૨૫૧/૨૦-૨૧



